**હંમેશાં અસત્યની હાર અને સત્યનો વિજય થાય છે**

- - - - - - - - - -- - - - - - - - - - - - - - - - - -

સમ્રાટ અકબરના દરબારમાં અસંખ્ય કવિ, સંગીતકારો અને વિદ્વાનો હતા, પરંતુ તે બધામાં વ્રજના કવિ શ્રીપતિનું વિશેષ સ્થાન હતું. બીજા કવિ અકબરના જ ગુણગાન ગાતા જયારે શ્રીપતિ રામ અને કૃષ્ણ સિવાય કોઈ બીજાનાં વખાણ કરતા નહીં. આમ છતાં અકબર તેમને ઇનામો આપતા.

બીજા દરબારીઓ શ્રીપતિની ઈર્ષા કરતા કેમ કે તેમને શ્રીપતિ જેટલું માન-સન્માન મળતું ન હતું. એક દિવસ આ ઈર્ષાળુ કવિઓ અને દરબારીઓએ કવિ સંમેલન માટે જાણીજોઈને એવી શરત મૂકી કે બધા જ ફકત અકબરના જ વખાણ કરશે. આ લોકોએ વિચાર્યું કે હવે તો શ્રીપતિએ રામ અને કૃષ્ણના બદલે અકબરના વખાણ કરવા જ પડશે, નહીંતર અકબર તેમને દંડ ફટકારશે. ચોક્કસ દિવસે કવિ સંમેલન યોજાયું.

બધા જ કવિઓએ અકબરનાં વખાણ કરતી એકબીજાથી ચઢિયાતી કવિતાઓ સંભળાવી. છેલ્લે શ્રીપતિનો વારો આવ્યો. તેમણે બોલવાનું ચાલુ કર્યું, 'એકહિ છાડી કે દૂજો ભજૈ, સો જરૈ રસના અસ લબનર કી, અબ કી દુનિયા ગુનિયા જો બની, યહ બાંધતી ફેંટ આડંબર કી. કવિ શ્રીપતિ આસરોં રામહિં કો, હમ ફેંટ ગહી બડ જબ્બર કી, જિનકો હરિ મેં પ્રીતિ નહીં, સો કરો સબ આસ અકબર કી. આ સાંભળીને દરબારીઓ સ્તબ્ધ રહી ગયા.

સાથે જ ઈર્ષાળુઓ મનમાં ને મનમાં ખુશ થતા હતા કે અકબર તેમને જરૂર દંડ ફટકારશે,પરંતુ અકબર શ્રીપતિની ઈમાનદારીથી એટલા ખુશ થયા કે સૌથી વધુ ઇનામ તેમને જ આપ્યાં. કથાનો સાર એ છે કે જે ઉચિત છે તેને કહેવાની આપણામાં હિંમત હોવી જોઈએ કેમ કે અંતે તો સત્યનો જ વિજય થાય છે અને સન્માન પણ તેને જ મળે છે..

Dinesh-Vadasan
9377209292

BACK to

www.vadwala.com